### જિલ્લા ખરીદ વેચાણ સંઘના

# ૪૨ કર્મચારીઓને ફરજ પર પરત લેવા વચગાળાનો હુકમ

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતો તથા આમ પ્રજાને ખેતી ઉપયોગી ચીજવસ્તુઓ તથા જીવન જરૂરીયાતની વસ્તુઓ વ્યાજબી ભાવે મળી રહે તે માટે વર્ષો અગાઉ જિલ્લાના સહકારી અગ્રણીઓએ સહકારી ધોરણે ચાલતી એક સંસ્થા ઉભી કરી હતી. જે આજે સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના નામે કાર્યરત છે અને તેની પ્રશાખાઓ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ચાલે છે. દરમિયાન વર્ષ ૨૦૧૫માં અગાઉના વહિવટદારોએ કેટલાક કર્મચારીઓની ખોટી રીતે ભરતી કરાઈ હોવાથી અંદાજે ૯૩ કર્મચારીઓને છુટા કરાયા હતા. ત્યારબાદ કેટલાક કર્મચારીઓએ ન્યાય મેળવવા માટે લેબર કોર્ટ અને હાઈકોર્ટમાં દાદ માંગી હતી. જે અંગે હાઈકોર્ટના ન્યાયાધીશે વચગાળાનો ચુકાદો આપીને ૪૨ પૈકી ૨૩ કર્મચારીઓને ફરજ પર પરત લેવા અને બાકીનાને ડેઈલીવેજીસવાળા કર્મચારીઓને છુટા કરી તેમની જગ્યાએ હાજર કરવા તથા તેમ છતા પણ જે કોઈ પણ બાકી રહે તે કર્મચારીઓને

**હાઈકોર્ટે ચુકાદો આપ્યા બાદ ૧૫ દિવસમાં અહેવાલ રજુ કરવા તાકીદ : વર્ષ ૨૦૧૫માં કર્મચારીઓને છુટા કરી દેવાતા તેમણે દાદ માંગી હતી**

પીટીશન દાખલ કર્યાની તારીખથી હુકમની કોપી મળ્યાના ૧૫ દિવસમાં છેલ્લા પગાર પ્રમાણે દૈનિક વેતન ચુકવવા આદેશ કર્યા છે.

આ અંગેની વિગત એવી છે કે વર્ષ ૨૦૧૫માં લગભગ ૯૩ કર્મચારીઓને તત્કાલિન સંચાલક મંડળે કોઈપણ જાતની જાણ કે નોટીસ આપ્યા વિના તેમને છુટા કરી દીધા હતા જેને લઈને છુટા કરાયેલા કર્મચારીઓના પરિવાર પર આફતના ઓળા ઉતર્યા હતા. ત્યારબાદ આ કર્મચારીઓએ સંગઠીત થઈને હિંમતનગરની લેબર કોર્ટમાં તથા હાઈકોર્ટમાં ઘા નાખી હતી. જો કે હાઈકોર્ટમાં દાખલ થયેલી પીટીશન બાદ જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધિકારીઓએ હિંમતનગરની લેબર કોર્ટમાં જવાબ રજુ કર્યો હતો. જેમાં ૩૦ જગ્યાઓ ખાલી હોવાનુ જણાવ્યુ હતુ. તો બીજી તરફ કોર્ટે અરજદારોને આધાર પુરાવા રજુ કરવા માટે તાકીદ કરી હતી. પરંતુ કેટલાક કર્મચારીઓ પાસે આધાર પુરાવા ન હોવાથી તેઓ બહાર નિરકળી ગયા હતા.

દરમિયાન જિલ્લા ખરીદ વેચાણ સંઘના જવાબમાં એક ક્લાર્ક, ૨૧ પટાવાળા-ડીલીવરી મેન, એક ડ્રાઈવર સહિત બે જગ્યા ખાલી હોવાથી એકની નિમણુંક કરી હોવાની કબુલાત કરી હતી. તે પછી આ કર્મચારીઓએ વધુ ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં દાદ માંગી હતી. જે અંગેનો કેસ તાજેતરમાં ન્યાયાધીશ સોનીયાબેન ગોકાણીની કોર્ટમાં ચાલી જતા તેણીએ ચુકાદામાં એવુ નોંધ્યુ છે કે કોર્ટમાં રજુ થયેલા કર્મચારીઓના લીસ્ટ પ્રમાણે ૨૩ જગ્યાઓ ભરી દેવી અને ભવિષ્યમાં જરૂરીયાત ઉભી થાય તો સિનિયોરીટી લીસ્ટ મુજબ બાકી રહી ગયેલાનો સમાવેશ કરવાનો રહેશે.

ચુકાદામાં જણાવાયા મજુબ જિલ્લા ખરીદ વેચાણ સંઘ દ્વારા ૧૫ દિવસમાં આ કર્મચારીઓનું લીસ્ટ તૈયાર કરીને તે અગાઉ એક સપ્તાહમાં તેમનો સમાવેશ કર્યો છે તેની યાદી રજુ કરવાની રહેશે. ઉપરાંત જેનો સમાવેશ ન થઈ શકે તેમને તેમની કેટેગરી મુજબનો છેલ્લા પગાર પ્રમાણે દૈનિક વેતન ચુકવવાનુ રહેશે. ઉલ્લેખનીય છે કે સંઘે જ્યારે લેબરકોર્ટમાં જવાબ રજુ કર્યો ત્યારે તેમાં એવુ જણાવ્યુ હતુ કે ૨૧ કર્મચારી ડેઈલીવિજીસ પર કામ કરે છે અને તેમને માસિક રૂપીયા ૮૭૯૬ પગાર ચુકવાય છે તથા નિયમોનુ પાલન કર્યા સિવાય ભરતી કરાઈ હતી. જેનો મતલબ એ કે સંઘની તત્કાલિન સમયે આર્થિક સ્થિતિ સદ્ધર હતી.

હવે જોવાનુ એ રહે છે કે જિલ્લા ખરીદ વેચાણ સંઘના જે કર્મચારીઓની તરફેણમાં ચુકાદો આવ્યો છે તે પછી ખરીદ વેચાણ સંઘના સત્તાવાળાઓ પ્રતિક્રિયા આપીને ભવિષ્યમાં કોઈ કોર્ટ કાર્યવાહી કરે છે કે નહી તે માટે હાલ તો રાહ જોવી પડશે.

# અરવલ્લીમાં યુથ કોંગ્રેસ અને અને એનએસયુઆઈ આક્રમક

મોડાસા, તા. ૭

બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષામાં ગેરરિતી થઈ હોવાનું ખુલ્યું હોઈ છેલ્લા કેટલાય દિવસોથી ઉમેદવારો પરીક્ષા રદ કરીને ફરીથી લેવાની માંગ કરી રહ્યા છે અને બુધવારથી ગાંધીનગરમાં હજારો યુવાનોએ દેખાવ કરી રહ્યા છે અને પરીક્ષા રદ કરવાની માંગ સાથે ગાંધીનગરમાં ડેરા તંબુ તાણી ન્યાયની પરીક્ષા રદ કરોની માંગ પર અડગ છે. ત્યારે શનિવારે મોડાસામાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરોએ શહેરની વિવિધ કોલેજોમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીનો હુરિયો બોલાવી કોલેજ બંધ કરાવવા પહોંચતા મોડાસા પોલીસે ૧૦થી વધુ કાર્યકારતોની અટકાયત કરી હતી.

સમગ્ર રાજ્યમાં બિન સચિવાલયની પરીક્ષાને લઈને વિરોધ પ્રદર્શન થઇ રહ્યો છે, એન.એસ.યુઆઈ. તેમજ યુથ કોંગ્રેસ દ્વારા કોલેજ બંધ કરાવાઈ હતી. અરવલ્લી જિલ્લામાં યુથ કોંગ્રેસ દ્વારા કોલેજ બંધ કરાવવા પહોંચેલા દસ જેટલા કાર્યકર્તાઓની પોલીસે અટક કરી હતી. વહેલી સવારથી જ સમગ્ર રાજ્યમાં કોંગ્રસ દ્વારા બિન સચિવાલયની પરિક્ષા રદ કરવાના વિરોધમાં કોલેજ બંધ કરાવવાના કાર્યક્રમ યોજાયા હતા. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમો આયોજિત કરાયા હતા. વહેલી સવારથી જ કોંગ્રેસના કાર્યકર્તાઓ મોડાસાના કોલેજ કેમ્પસમાં ચાલતી, આર્ટ્સ, કોમર્સ, બીએડ, બીસીએ, સહિત બીએડ કોલજનું શૈક્ષણિક કાર્ય બંધ કરાવ્યું હતું. બિન સચિવાલયની પરીક્ષામાં થયેલી ગેરરિતી મામલે યુથ કોગ્રેસના કાર્યકર્તાઓ સુત્રોચ્ચાર



કરવામાં આવ્યા હતા. આ સાથે જ તેમણે માંગ કરી છે કે, કોંગ્રેસન એસઆઈટી પર ભરોસો નથી અને પરીક્ષા રદ્દ થાય તેવી તેમની માંગ છે. પોલીસે અટક કરેલા તમામ દસ જેટલા કાર્યકરોને મોડાસા ટાઉન પોલિસ સ્ટેશન ખાતે લઈ જવાયા હતા.

# વડગામમાં યુથ કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર, બિન સચિવાલયની પરીક્ષા રદ કરવા ઉગ્ર માંગ

વડગામ, તા. ૭

વડગામમાં યુથ કોંગ્રેસના પ્રમુખ દેવુસિંહ ભાટી તથા કાર્યકરો ભેગા મળીને બિન સચિવાલયની પરીક્ષા રદ કરવા માટે વડગામ મામલતદાર આવેદનપત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપરો ફોડી નાખવાના ચોંકાવનારા આક્ષેપો કરીને ભારે ગેરરીતિઓ આચરવામાં આવતા હોવાના આક્ષેપ કરીને વડગામ મામલતદાર કચેરીના નાયબ તેમજ ફરીથી પરીક્ષા લેવાય તેમજ પરીક્ષામાં ગેરરીતિ આચરનાર દોષિતોને કડક સજા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ પ્રસંગે વડગામ તાલુકા યુથ કોંગ્રેસના પ્રમુખ દેવુસિંહ ડાભી,



આપવામાં આવ્યું હતું.

વડગામ યુથ કોંગ્રેસના પ્રમુખ અને કાર્યકરો દ્વારા ભાજપની સંવેદનશીલ સરકારના રાજમાં તેમના મળતીયાઓને નોકરી અપાવવા વારંવાર યોજાતી મામલતદાર જે.સી. સથવારાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમા બિન સચિવાલયની પરીક્ષામાં થયેલ ગેરરીતિ સંદભે તટસ્થ તપાસ કરીને બિન સચિવાલયની પરીક્ષા રદ કરવા યુથ કોંગ્રેસના અગ્રણી ગોપાલસિહ સોલંકી, નરેન્દ્રસિહ રાજપુત તેમજ વડગામ તાલુકા યુથ કોંગ્રેસના કાર્યકરો હાજર રહીને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકર સાહેબની પુણ્યતિથિ નિમિત્તે કેન્ડલમાર્ચ

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિતે કેન્ડલ માર્ચ દ્વારા શ્રધ્ધાંજલી આપી પ્રાર્થના સભા યોજાઈ હતી. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે ડૉ બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિતે ડૉ.બાબાસાહેબ



આંબેડકરની પ્રતિમા આગળ સમાજના ભાઈઓ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ શ્રધ્ધાંજલી આપી હતી અને પ્રતિમા આગળ પ્રાર્થના સભા પણ યોજાઈ હતી.

# કાંકરેજ તાલુકામાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા આવેનપત્ર આપાયું

કાંકરેજ, તા. ૭

સરકાર દ્વારા વારંવાર લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતી ગેરરીતિ આચરનારા સામે વિરોધ કરી યોગ્ય રીતે નિર્ણય લેવા જોઈએ. યુથ કોંગ્રેસ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે કાંકરેજ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ હેમુભાઈ જોશીએ જણાવ્યું હતું કે દરેક જિલ્લામાં નિમણુંક આપવામા આવેલ પરીક્ષા મહિપતસિંહ ડી. વાઘેલા ઉપ પ્રમુખ તાલુકા પંચાયત કાંકરેજ, ગૌતમભાઈ સી. જોષી પ્રમુખ કાંકરેજ તાલુકા યુથ કોંગ્રેસ સમિતિ, વાલાજી વી. ઊણેચા



કાંકરેજ બિન સચિવાલયની પરીક્ષા આપી હતી ત્યારે મોટા પ્રમાણમાં પરીક્ષા વખતે ચોરી થઈ હતી જેમાં લાખો વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી વધી ગઈ છે.

તાત્કાલિક પગલાં ભરવામાં આવે અને બિન સચિવાલયની પરીક્ષા રદ કરવા માટે કાંકરેજ તાલુકા યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના પ્રમુખ તરીકે હાર્દિક દેસાઈ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના આગેવાનો સાથે વિધાર્થીઓ સેન્ટર ઉપર ચોરીઓ થઈ ગઈ હોય તો પણ અમુક જગ્યાએ સીસીટીવી કેમેરાની અગવડતા ને કારણે ચોરીઓ બાર આવી નથી ત્યારે ખરેખર પરીક્ષા રદ કરી ફરી લેવામાં આવે તો વિધાર્થીઓને સાચો ન્યાય મળે અને જો પરીક્ષા રદ કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી.

આ પ્રસંગે હેમુભાઈ જોષી પ્રમુખ કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતી, ભુપતાજી એન. ઠાકોર, સદસ્ય જિલ્લા પંચાયત, મહામંત્રી કાંકરેજ તાલુકા કોંગ્રેસ પાર્ટી, હાર્દિક આર. દેસાઈ પ્રમુખ કાંકરેજ તાલુકા એન.એસ.યુ. આઈ, જોગાજી વી. ઠાકોર પ્રમુખ થરા શહેર કોંગ્રેસ પાર્ટી, રમેશ ડી. ઠાકોર પ્રમુખ થરા શહેર યુથ કોંગ્રેસ, પિન્ટુભાઈ મિયાણી શોશ્યલ મીડિયા કોંગ્રેસ, વિજયભાઈ ઠાકોર મંત્રી તાલુકા સમિતિ, શ્રવણજી જે.ખાનપુરા મહામંત્રી યુથ કોંગ્રેસ, પ્રકાશજી મકવાણા ઉપ પ્રમુખ કાંકરેજ એન.એસ.યુ.આઈ. ઉપસ્થિત રહ્યા હતા.





# ડીસામાં પાટીદાર સમાજની વિશાળ શોભાયાત્રા

સમસ્ત પાટીદાર સમાજ દ્વારા ઊંઝામાં આગામી ૧૮ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન મા ઉમિયાના લક્ષચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે જેની તમામ તૈયારી પૂર્ણ થઈ ગઈ છે અને સમસ્ત પાટીદાર સમાજમાં આ યજ્ઞને લઈ અનેરો ઉત્સાહ છવાયો છે અને ગામે ગામ યજ્ઞમાં પધારવા ''માનું તેડુ'' મોકલ્યું છે જ્યાં તેનું ઉમળકાભેર સ્વાગત ઠેર ઠેર થઈ રહયું છે. ત્યારે શનિવારે ડીસા ખાતે પણ વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત પાટીદાર સમાજ અને પાટીદાર યુવા સંગઠન આયોજિત આ શોભાયાત્રા શનિવારે ૨.૩૦ કલાકે પટેલ સોસાયટી ડીસા ખાતે મા ઉમિયાની આરતી દાતા ગૌરાંગ મનીલાલ ચોકસી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ શોભાયાત્રાએ પટેલ સોસાયટીથી પ્રસ્થાન કરી અંબિકા ચોક, પશુ બજાર, ફુવારા સર્કલ, સોની બજાર, રિસાલા બજાર, હીરા બજાર થઈ પટેલ સોસાયટી ખાતે પરત ફરી હતી. શહેરમાં પાટીદાર સમાજની આ શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ઠેર ઠેર રાસ ગરબા અને મા ઉમિયાના જયઘોષના નાદ સાથે સમગ્ર વાતાવરણમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. સાંજે પરત ફરેલી શોભાયાત્રામાં જોડાયેલા ભાઈ બહેનો માટે દાતા રમેશભાઈ ભાયચંદભાઈ પટેલ દ્વારા ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે સમસ્ત પાટીદાર સમાજ ડીસાના પ્રમુખ મણિલાલ મૂળચંદદાસ પટેલ, મંત્રી અમૃતલાલ ઈશ્વરલાલ પટેલ, સમસ્ત પાટીદાર યુવા સંગઠનના પ્રમુખ રાકેશકુમાર સોમાભાઈ પટેલ, મંત્રી નિકુંજ રસિકભાઈ પટેલએ શોભાયાત્રાને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજના શીતવાડા-નવાપુરા ખાતે લીજ માલિક દ્વારા મૃતકના પરિવારને પાંચ લાખની ચેક સહાય

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા-નવાપુરા ખાતે ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં મૃત્યુ પામેલા બાઈક સવારના પરિવારને લીજ માલિક દ્વારા પાંચ લાખના ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજના સીતવાડા-નવાપુરા ખાતે તા.૨૭-૧૧-૨૦૧૯ના રોજ રેતી ભરેલ ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ઉપર જઈ રહેલ રાઠોડ સુરપાલસિંહ કેસરીસિંહ રાઠોડનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. અન્ય બે ગજેન્દ્રસિંહ વિનુસિંહ રાઠોડ તથા ચેતનસિંહ વિનુસિંહને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ પહોચતા તેમણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જે તે સમયે મૃતક સુરપાલસિંહ કેસરીસિંહ રાઠોડના પરિવાર દ્વારા મૃતકની લાશ સ્થળ ઉપરથી સ્વિકારવાની ના પાડી હતી. સ્થાનિકતંત્ર તથા તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ તથા પ્રાંતિજ પીઆઈ એમડી ચંપાવત તથા તાલુકા પ્રમુખ રાઠોડ બેચરસિંહ તથા ગામના સરપંચ તથા ગામજનો દ્વારા આખરે મામલો થાળે પડયો હતો. મૃતકને પ્રાંતિજ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. લીજ માલિક દ્વારા પણ પોતાની ફરજ સમજી માનવંતાનો ધર્મ નિભાવ્યો અને આગળ આવી મૃતક રાઠોડ સુરપાલસિંહ કેસરીસિંહના પરિવારને તેમણી ધર્મપત્નીને પાંચ લાખનો ચેક સહાય કરી માનવ ધર્મ નિભાવ્યો હતો.

# દાંતા ભગવા ક્રાંતિ સંગઠન ઓફિસ ખાતે ભગવા દિવસની ઉજવણી કરાઈ

દાંતા ખાતે ભગવા ક્રાંતિ સંગઠનના તમામ કાર્યકરો હોદેદારો હાજર રહીને ભગવા દિવસની અને ભગવા ક્રાંતિ સંગઠન વિશેની ચર્ચા કરવામાં આવી હતી. ભગવા ક્રાંતિ સંગઠનની સ્થાપના તારીખ ૧-૧૨-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે. ભગવા ક્રાંતિ સંગઠનના મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય એકતાને તેમજ ભાઈચારાને મજબૂત કરવું. ગરીબો અને તેમજ ભારત દેશના ગૌરવમય ઈતિહાસની સાથે કોઈ છેડછાડ કરે અથવા સિનેમા ટી.વી. અને અન્ય કોઈ સાધનના માધ્યમથી ભારત દેશના ઈતિહાસની અને હિન્દુ સમાજની છાપ ખરાબ કરે તેનો આક્રમક વિરોધ કરી સુધાર કરાવું અને હિન્દુત્વના ખિલાફ થઈ રહેલા કાર્યોનો સખ્ત વિરોધ કરવો અને હિન્દુત્વની રક્ષા કરવા માટે આજરોજ ભગવા દિવસ નિમિતે દાંતા ખાતે ભગવા ક્રાંતિ સંગઠન





અપંગો તેમજ કોઈ વિપદામાં ફસાયેલા લોકોને સહાય પ્રદાન કરવું. સમાજમાં વધી રહેલ જાતિ તેમજ સાંપ્રદાયિક સંઘર્ષો દૂર કરવા. નશામુક્ત સમાજના નિર્માણ માટે કેન્દ્રીય સ્તર પર અભિયાન ચલાવું અને પર્યાવરણના રક્ષા માટે વૃક્ષારોપણના કાર્યક્રમો કરવા કાર્યાલય ઉપર ભગવાન ક્રાંતિ સંગઠનના દાંતા તાલુકાના અધ્યક્ષ અશ્વિન જાની. ઉપાધ્યક્ષ વિરેન્દ્રસિંહ બડગુજર તેમજ સંગઠનના તમામ કાર્યકરો હોદેદારો સંગઠનને મજબૂત કરવા ભેગા થયા હતા અને ભગવા દિવસની કાર્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

# હિંમતનગરના દેરોલ અને જોરાપુરના નદી પટમાં ખાણ-ખનિજનો દરોડો

### સાત વાહનો મળી રૂપીયા ૭૦ લાખનો મુદ્દામાલ સીઝ કરાયો

હિંમતનગર, તા.૭

હિંમતનગર તાલુકાના જોરાપુર અને દેરોલ પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી થઈ રહેલી ખનિજ ચોરી અટકાવવા માટે સાબરકાંઠા ખાણખનિજ વિભાગે શુક્રવારે દરોડો પાડીને સાત વાહનો મળી અંદાજે રૂ. ૭૦ લાખનો મુદ્દામાલ સીઝ કરી ખનિજ ચોરો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે ખાણખનિજ વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી સાબરમતી નદીના પટમાં ખનિજ ચોરી થતી હોવાની માહિતી મળ્યા બાદ જિલ્લા ખાણખનિજ વિભાગના ભુસ્તરશાસ્ત્રી જે.એમ. પટેલે પોતાની ટીમ સાથે શુક્રવારે જોરાપુર ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી એક ટીમ મારફતે ઓચિંતુ ચેકીંગ કરાયુ હતુ જ્યા નદી પટમાંથી હિટાચી મશીન દ્વારા ટ્રકોમાં લીઝ અને બ્લોક વિસ્તાર સિવાયના સ્થળેથી રેતીની ચોરી થતી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેથી ખાણખનિજ વિભાગની ટીમે જોરાપુર પાસેની નદીમાંથી એક હિટાચી, બે ટ્રક અને એક ટ્રેક્ટર કબ્જે લઈ આ વાહનોને સીઝ કરી દીધા હતા. આ તમામ વાહનો સીઝ કરાયા બાદ વિજાપુર તાલુકાના ફલુ ગામના વતની અને હિટાચીના માલિક વિનોદભાઈ પ્રહલાદભાઈ પટેલ સામે કાર્યવાહી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

તો બીજી તરફ જિલ્લા ખાણખનિજ વિભાગની અન્ય એક ટીમે હિંમતનગર વિજાપુર રોડ પર આવેલ દેરોલ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં જઈ દરોડો પાડી રેતી ખનિજની ચોરી કરતા ત્રણ ટ્રેક્ટરોને સ્થળ પરથી ઝડપી લીધા હતા અને તેમની વિરૂદ્ધ ખનિજ ચોરી સંદર્ભે દંડનીય તથા પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જોરાપુર, દેધરોટો સહિત અન્ય નદી કિનારાના ગામોમાંથી કેટલાક ખનિજ માફીયાઓ ગેરકાયદે વેપલો કરી રહ્યા છે તે મતલબની જાણકારી ખાણખનિજ વિભાગ પાસે હોવાથી આગામી દિવોસમાં સમયાંતરે તપાસ થશે તેવુ જાણવા મળ્યુ છે.

# ધાનેરામાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી પરીક્ષા રદની માંગણી

બિન સચિવાલયની વિદ્યાર્થીઓ તેનો વિરોધ કરી રહ્યો એનએસયુઆઈ દ્વારા વિશાળ રેલી



પરીક્ષામાં ગેરરીતિને લઈ આજે ધાનેરામાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઇ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહી કરવા માટેની માંગ કરી છે

બિન સચિવાલયની પરીક્ષામાં ગેરરીતિને લઇ અનેક સવાલો ઉઠી રહ્યા છે ઠેરઠેર છે કરી રહ્યા છે છતાં પણ કોઈ નક્કર પગલાં ન ભરાતા લોકો તંત્ર સામે શંકાની સોય સેવી રહ્યા છે બિન સચિવાલય ની પરીક્ષામાં ગેરરીતિના પુરાવા રજૂ કરવા છતાં પણ સરકારે હજુ સુધી તેને રદ કરવાનો કે કોઈ કાર્યવાહી કરવાનો કોઈ નિર્ણય ન લેતા આજે ધાનેરા માં યુથ કોંગ્રેસ અને યોજી મામલતદારને આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે અને જો તાત્કાલિક ધોરણે પગલાં નહીં ભરાય તો એન.એસ.યુ. આઈ અને યુથ કોંગ્રેસના યુવાનો સાથે મળીને સરકાર સામે ઉગ્ર આંદોલન કરશે અને વિધાનસભાનો ઘેરાવ કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે